# અંબાજી ખાતે વિદ્યુત કામદાર સંઘનો સ્વર્ણિમ મહોત્સવ યોજાયો




પાલનપુર, તા. ૨૮

-સિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે આવેલ જી.એમ.ડી.સી. મેદાનમાં કેન્દ્રીય ગૃહ રાજય મંત્રીશ્રી હરીભાઇ ચૌધરીની ઉપસ્થિતિમાં અખિલ ગુજરાત વિધુત કામદાર સંઘનો ૨૫મો ભવ્ય સ્વર્ણિમ અર્ધ શતાબ્દી મહોત્સવ યોજાયો હતો. આ બે દિવસીય સમારોહમાં સમગ્ર રાજયભરના વિધુત કામદારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રાસંગીક -વચન કરતા કેન્દ્રીય ગૃહ રાજય મંત્રી હરીભાઇ ચૌધરીએ જણાવ્યું હતુ કે ભૂતકાળમાં આપણને વાળુટાણે પણ વીજળી મળતી ન હતી. આજે ગુજરાતના તમામ ગામડાઓમાં ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજપુરવઠો મળે છે તે વિદ્યુત કામદારોની મહેનતને આભારી છે.તેમણે જણાવ્યુ કે તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારે દેશના લોકપ્રિય વડા-ધાન નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટ્રીથી ગુજરાતની જેમ સમગ્ર દેશમાં ર્જા ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન આવશે. તેમણે ઉમેર્યુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશના લોકોને નવી આશા બંધાઈ છે અને વિશ્વમાં ભારતનું ખુબ આદરપૂર્વક નામ લેવાય છે. તેમણે કહ્યુ કે વિપુલ -માણમાં વીજળીનું ઉત્પાદન ઝડપથી કરી શકાય તે દિશમાં કેન્દ્ર સરકારે અનેક મહત્વના નિર્ણયો લીધા છે.

મંત્રીશ્રી ચૌધરીએ કહ્યુ કે -જાના સુખ દુઃખમાં સાથે રહી સંવેદનશીલ બની સરકાર કામ કરે છે. અને દેશની સાથે સાથે બધા જ રાજયોનો સમાંતર વિકાસ થાય તેવા કામો કરવામાં આવી રહ્યા છે. મંત્રીએ જણાવ્યુ કે વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વગુરૂ બનશે. તેમણે કહ્યુ કે ભારતીય સંસ્કૃતિની જાળવણી માટે આપણે સૌ સંકલ્પબધ્ધ બનીએ.

# ડીસામાં આધાર કાર્ડધારકોની વ્યથા : અનધિકૃત રકમ ઉઘરાવાતા લોકોમાં રોષ

ડીસા, તા. ૨૮

ડીસા માં આધારકાર્ડ ઈશ્યુ કરતી એજન્સી ની કામગીરી વિવાદિત બનતી જાય છે, અને અહી કામ કરતા ડેટાઓપરેટરો કજહાંગી એજન્સી


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

દ્વારા માનદ વેતને રખાય છે જે લોકો અરજદારો પાસે થી જરૂરી આધાર પુરાવા આધારે સરકાર ના -વતમાન નિયમો મુંજબ 'આધાર કાર્ડ' કાઢી આપે છે જોકે આ ખાનગી એજન્સી ના ઓપરેટરો મનમાની ચલાવી રહ્યા ની બુમરેંગ ઉઠી છે.અને ગરીબ તેમજ અશિક્ષિત લોકો પાસે થી 'આધાર કાર્ડ' કાઢી આપવાના રૂપિયા ૩૦ પડાવી લે છે, આ રકમ ઉઘરાવતા ઓપરેટરો ૧૦ રૂપિયા ફરજીયાત લેમીનેશન પેટે જયારે ૨૦ રૂપિયા કોમ્પ્યુટર ઓપરેટર સરકાર માં જમા કરવાના હોય છે તેવું જુથ્થાણું ચલાવી અરજદારો પાસે થી પડાવી લેતા હોવાની વિગતો બહાર આવેલ છે જેથી ડીસા માં સરકારની આધારકાર્ડ મેળવવા કતાર બંધ ઉભા રહેતા લોકો નિરાધાર સ્તીથી માં આવેલ છે, અને પોતાનો રોષ વ્યક્ત કરી ન્યાય માંગી રહ્યા છે,જેમાં આ મામલે પીડિત અણદાજી માળી એ આ ધુપ્પલબાજી સામે તપાસ ની માંગ કરેલ છે

જોકે આ બાબતે મામલતદાર કચેરી ના સુત્રો એ જણાવેલ કે સરકાર ની 'આધાર કાર્ડ' યોજના માં કોઈજ રકમ વસુલાતી નથી ,જો ખાનગી એજન્સી કે તેનો કોઈ ઓપરેટર આવું કૃત્ય કરતો જણાશે તો કડકાઈ એ નિયમ મુજબ કાર્યવાહી કરાશે, આવી કોઈ ફરિયાદ હોય તો મામલતદાર ડીસા નો સીધો સંપર્ક કરવો તેવું સ્પસ્ટ જણાવેલ છે

# ડીસામાં ફર્નિચરની દુકાનમાં ચોરી કરતા ૬ રંગે હાથ ઝડપાયા

ડીસા, તા. ૨૮

ડીસા જુના બસસ્ટેન્ડ ખાતે આવેલી એકતા ફર્નીચર માં કામ કરતા કેટલાક કર્મચારી દુકાન માલિકની આંખમાં ધૂળ નાખી ફર્નીચર નો સામાન બરોબર વેચાણ કરતા હોવાનું દુકાન માલિક ને ધ્યાન માં આવતા આજે તેમને વોચ ગોઠવી હતી, જેમાં સવારે ચોરી કરવા આવેલા ૬ જેટલા ઈસમો ચોરી કરતા રંગે હાથ ઝડપાયા હતા, જેમાં ૩ સગીર યુવકો હતા. જે બાદ ધટના સ્થળે આવેલી પોલીસે આ તમામ ને ડીસા ઉત્તર પોલીસ મથકે લાવી તપાસ હાથ ધરેલ છે.

બનાસકાંઠાના વહેપારી મથક ડીસા માં જુના બસસ્ટેન્ડ વિસ્તાર માં આવેલી એકતા ફર્નીચર નામની દુકાન માં આજે ખુદ દુકાનમાં કામ કરતા કર્મચારીઓં માલિકની આંખમાં ધૂળ નાખી ચોરી કરવા જતા રંગે હાથ ઝડપાયા હતા,આ ધટના ની વિગત જોઈએ તો એકતા ફર્નીચર ના માલિક જાવેદભાઈ મેમણને ખાનગી રાહે માહિતી મળેલ કે તેમની દુકાનનાં કેટલાક કર્મચારી રજાના દિવસોમાં મોકો જોઈ દુકાનમાં રખાયેલ કીમતી ફર્નીચર ચોરી કરી બારોબાર વેચી રોકડી કરી લે છે, આ બાદ દુકાન માલિક જાવેદભાઈ મેમણ દ્વારા આજે રવિવારે રજાનો દિવસ હોઈ પોતાના કર્મચારીઓંની ચોરી પકડવા


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

વોચ રખાઈ હતી, જેમાં દુકાનમાં કામ કરતા છ જેટલા કર્મચારી દુકાન નાં તાળા ખોલી અંદર -વેશ્યા હતા, આજુબાજુનાં લોકોને પણ આ લોકો પર શક નહતો કેમકે, આ લોકો દુકાનના કર્મચારી હતા, જે બાદ આ છ લોકોએ દુકાનમાં થી ફર્નીચર ચોરી કરવા -યાસ કર્યો હતો, જોકે તેવા જ સમયે દુકાન માલિક જાવેદભાઈ મેમણ દ્વારા આ તમામને રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા હતા, પોતાના શેઠ ને જોઈ આ તમામ ડઘાઈ ગયા હતા, અને ચોરી કરતા હોવાનું કબુલ્યું હતું, જે બાદ દુકાન માલિકે ડીસા ઉત્તર પોલીસ ને બોલાવી હતી, અને તમામ ને પોલીસ હવાલે કર્યા હતા, આમ, દુકાન માલિક ની જાગૃતિ એ કર્મચારી ચોરી કરતા રંગે હાથ ઝડપાયા હતા, છેલ્લા ઘણા સિફતપૂર્વક હાથ ફેરો કરી ચોરી કરતા આ ઈસમો વિરુદ્ધ દુકાન માલિક જાવેદભાઈ મેમણે ઉત્તર પોલીસ માં ફરિયાદ નોધાવા તજવીજ હાથ ધરી છે. જોકે આ ઝડપાયેલા ૬ કર્મચારીમાં ૩ આરોપી સગીર છે જેથી પોલીસે આ તમામ ની અટકાયત કરી તેમને અત્યાર સુધી કેટલી ચોરી કરી છે? ચોરી કરેલ સમાન કોને વેચેલ છે? અને અન્ય કેટલા સહ આરોપી આ ગુનામાં તેમની સાથે સંકળાયેલા છે તેની તપાસ હાથ ધરી છે

# ડીસા તાલુકાના ધરપડા ગામ પાસે આઈશર ટ્રક અને જીપ વચ્ચે અકસ્માત : ૧૦ ઘાયલ

ડીસા, તા. ૨૮

બનાસકાંઠા જીલ્લામાં માર્ગ અકસ્માતની ઘટનાઓમાં નોધપાત્ર


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

વધારો જોવા મળ્યો છે. આજે સવારે ડીસા તાલુકાના ધરપડા ગામના પાટિયા પાસે એક ટેક્ષી તુફાન જીપ અને આઈશર ટ્રક વચ્ચે થયેલ અકસ્માતમાં ૧૦ લોકોને ગંભીર -કારની ઈજાઓ થતાં તેમને ડીસાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ડીસા થી પાટણ તરફના રસ્તા ઉપર વારવાર અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે. ડીસા થી પાટણ તરફના રસ્તા પર ચાલતી ખાનગી જીપના વાહનચાલકો ટ્રાફિકના નિયમોને નેવે મૂકી ગફલત ભર્યુ વાહન ચલાવી નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકતા હોય છે. આજે થયેલા અકસ્માતમાં પણ ૧૦ જેટલા નિર્દોષ લોકોને ગંભીર ઈજાઓ થતાં તેમના પરિવારના માથે મોટી આફત આવી પડી છે.આ અકસ્માતમાં ઘાયલોમાં (૧) -હલાદભાઈ નાગજીભાઈ ઠાકોર રહે- આસેડા (૨)ભવાનજી ઠાકોર -ધરપડા (૩) હંશાબેન ભુપતભાઈ પરમાર -વાસડા(૪) હંસાબેન દાનાભાઈ પરમાર (૫) હેમાભાઈ પીતામ્બરભાઈ ઠાકોર રહે - ઢુવા ( ૭)ભૂપતભાઈ મોહનભાઈ પરમાર (૮) સુરેશભાઈ ભુપતભાઈ પરમાર (૯) ડાહીબેન ભૂપતભાઈ ઠાકોર (૧૦) કિશોરભાઈ કરશનભાઈ ઠાકોર સહીત ના મુસાફરો ને નાની મોટી ઈજાઓ થઈ હતી.

આ અકસ્માતમાં ઘાયલ થયેલ લોકોને ૧૦૮ દ્વારા ડીસાની સરકારી હોસ્પિટલ માં સારવાર અર્થે ખસડાયેલ,જોકે કેટલાક મુસાફરો ને વધુ ઈજાઓ હોઈ તેમને વધુ સારવાર માટે પાલનપુર રીફર કરેલ છે,જયારે આ અકસ્માત મામલે ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરેલ છે.

# મોડાસામાં મેરેથોન દોડ યોજાઈ

મોડાસા તા.૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે સૌ પ્રથમવાર મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડ એ લીલી ઝંડી બતાવી આ મેરેથોન દોડનું પ્રસ્થાન કરાવ્યુ હતું. આ મેરેથોન દોડ ચાર રસ્તાથી નીકળી બસ સ્ટેશન વિસ્તારમાં થઈ ડુંગરવાડા ચોકડી થઈ ને માલપુર રોડ ઉપર આવેલા સહયોગ પેટ્રોલ પંપ ખાતે સમાપન થઈ હતી. આ દોડમાં ૧૫૦૦ કરતા પણ વધારે દોડ વીર ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો અને પ્રથમ ૩ આવનારને આયોજક દ્વારા સાંસદના હસ્તે ઈનામ આપવામાં


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સુરેશભાઈ ત્રિવેદ્રી દ્વારા કરવામાં આવ્યું હતું જયારે આ કાર્યક્રમમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિહ ઠાકોર સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ તેમજ મોડાસા નગરપાલિકાના પ્રમુખ એસઆરપટેલ હાજર રહ્યા હતા અને દોડવીરોનો ઉત્સાહ વધારો હતો જયારે સમગ્ર દોડ મોડાસા પોલીસ દ્વારા દોડવીરો સરળતાથી દોડી શકે તેવુ આયોજન કરાયુ હતું.

# ખેરોજ પાસે નદીના પટમાંથી રેતી ચોરી કરતા ૮ વાહનો ઝડપાયા

ખેડબ્રહ્મા તા.૨૮

ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ પાસેથી પસાર થતી સાબરમતી નદીના પટમાંથી બેરોકટોક પણે છેલ્લા ઘણા સમયથી ભૂ માફિયાઓ રેતીની ચોરી કરી રહ્યા છે. જે અંગે મામલતદારને ફરિયાદ થતા તેમની ટીમે ગેરકાયદેસર રીતે રેતી ભરીને જતા-૮ વાહનોને ઝડપી તમામ મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉત્તર ગુજરાતના મોટાભાગના નદી કિનારાના તાલુકાઓમાં છેલ્લા ઘણા સમયથી ભૂ-માફિયાઓ સક્રિય બન્યા છે. અને બિન્દાસ પણે નિયમોની ઐસી કી તૈસી કરી દિવસ રાત નદીના પટમાંથી કિંમતી પથ્થરો અને રેતીની ચોરી કરી રહ્યા છે. અને વધારે ફેરાની લ્હાયમાં ટ્રક ચાલકો પણ બેફામ ગતિએ વાહન હંકારી અવારનવાર અકસ્માત નોંતરે છે. પરિણામે સ્થાનિક રહીશો પણ તોબા પોકારી ઉઠયા છે. બીજી બાજુ ભૂ-માફિયાઓને કોઈનો પણ ડર રહ્યો નથી. ખેડબ્રહ્મા શહેરના ખેરોજમાંથી પસાર થતી સાબરમતી નદીમાં આ ભૂ-માફિયાઓ સક્રિય બન્યા છે. અને દરરોજ હજારોની સંખ્યામાં વગર પાસ પરમીટે રેતીની


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ટ્રકો કાઢી રહ્યા છે. જે અંગે મામલતદાર કચેરીમાં ફરિયાદ થતા મામલતદારની ટીમ આજે ગંભીર બની હરકતમાં આવી હતી. ટીમના સભ્યો મામલતદાર એચ.એન.મોદી, ચીફ ઓફિસર હર્ષવર્ધન પરમાર વગેરે સ્થળ પર દરોડો પાડી રેતીની ચોરી કરી જતા આઠ વાહનોને ઝડપી પાડયા હતા. તમામ મશીનરી તેમજ ટ્રકોને સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધનસુરાના કરણપુરમાં ૯ હજારનો દારૂ ઝડપાયો

વડાગામ તા.૨૮

ધનસુરા પોલીસે કરણપુરની સીમમાંથી રૂા.૯,૫૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. અને કુલ ૩૪,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર અણીયોર તરફથી બે શખ્શો બાઈક પર વિદેશી દારૂનો જથ્થો લઈ કરણપુરની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન આજ માર્ગ પર ધનસુરા પોલીસની ટીમ વાહન ચેકીંગ કરી રહી હતી. ત્યારે માર્ગ પરથી દારૂનો જથ્થો લઈ બાઈક પસાર થતા બંન્ને શખ્શોએ પોલીસને જોતા જ પોતાનું બાઈક અચાનક પાછુ વાળી ભાગી રહ્યા હતા. પોલીસને આ મામલે શંકા જતા પોલીસે બાઈકનો પીછો કર્યો હતો. આથી ગભરાયેલા બાઈક સવારોએ કરણપુર ગામ પાસે ઘઉંના ખેતરમાં બાઈકને ઉતારી બંન્ને શખ્સો નાસી છુટયા હતા. પોલીસે બાઈકની તપાસ કરતા બાઈક પર લટકાવેલ થેલામાંથી રૂા.૯,૫૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આમ પોલીસ દારૂ અને બાઈક સહિતનો કુલ ૩૪,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી બન્ને ફરાર આરોપીઓની શોધ ખોળ હાથ ધરી છે.

# વિદ્યાનગરમાં સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપમાં 'ભારતીય સંસ્કૃતિમાં આરોગ્ય જાગૃતિ' વ્યાખ્યાન યોજાયું

વલ્લભ વિદ્યાનગર, તા.૨૮ ડિસેમ્બર

ભો.જે.વિદ્યાભવનના નિયામક ડૉ.આર.ટી.સાવલિયાએ જણાવ્યું હતું કે આરોગ્યની જાળવણી માટે આર્યુવેદ એ મહારોગોનું નિરાકરણ છે. આપણા પ્રાચીન શાસ્ત્રો-ગ્રંથોમાં આરોગ્યનો સમૃદ્ધ વારસો છે. શરીરની રક્ષા કરવામાં હંમેશા સાવધાન રહેવું જોઈએ. દિનચર્યા,રાત્રિચર્યા અને ઋતુચર્યાનું આચરણ કરતાં કરતાં જ મનુષ્ય હંમેશા સ્વસ્થ-નિરોગી રહી શકે છે.

ગુજરાત સરકારપ્રેરિત ગુજરાત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી,અમદાવાદ અને સૅરલિપના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય સંસ્કૃતિમાં



આરોગ્ય જાગૃતિ' એ વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું.આરોગ્ય અંગે ઉત્સુક લોકો અને સૅરલિપ નાં એમ.ફિલ. અને પીએચ.ડી.નાં શોધાર્થીઓએ તેનો લાભ લીધો હતો.

ડૉ.સાવલિયાએ વધુમાં જણાવ્યું હતું કે કામશાસ્ત્ર અને ચરક સંહિતામાં પણ આરોગ્યની જાગૃતિ વિશે વિશેષ ઉલ્લેખ કરાયો છે. આજની આપણી સમસ્યા શરીર અને મન વચ્ચે કલેશની છે. આજે આપણા શરીર ઉપર આપણા મનનો કોઈ કાબુ નથી અને એ રીતે આપણે ભૌતિકસુખમાં રચ્યા પચ્યા રહીએ છીએ. બીમાર અને બિસ્માર મન સ્વસ્થ સમાજ અને તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ ન જ કરી શકે. એઈડ્સ,કેન્સર જેવા મહારોગો છેલ્લાં ૧૫ વર્ષથી વધતા જાય છે. આવા મહારોગોના નિદાન માટે આયુર્વેદ એ શ્રેષ્ઠ ઉપાય છે, જ્યારે એલોપેથી એ ટૂંકાગાળાનું સમાધાન છે.

આ વ્યાખ્યાનમાં ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના પત્રકાર પાર્થ શાસ્ત્રી તેમ જ વરિષ્ઠ ફોટોગ્રાફર દિલીપ ઠાકર પણ જોડાયા હતા. સૅરલિપના નિયામક પ્રા.હરિ દેસાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને ઈતિહાસના અધ્યાપક ડૉ.વસંત પટેલે અને સમાજશાસ્ત્રનાં અધ્યાપિકા ડૉ.પારુલટીના દોશીએ કાર્યક્રમના આયોજનમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. સૅરલિપનાં પીએચ.ડી.નાં શોધાર્થી બીના રાઠવાએ આભારદર્શન કર્યું હતું.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)



**શામળાજી આસારામ ગુરૂકુળ ખાતે સતસંગ કાર્યક્રમ યોજાયો** - અરવલ્લી જિલ્લાના શામળાજી પાસે આવેલ સરકીલીમડી ખાતે આશારામ ગુરૂકુળ આશ્રમ ખાતે આજે દશાબ્દી મહોત્સવ યોજાયો હતો. જેમાં ભડારો અને સતસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે આજુબાજુના ૧૦૦૦ હજાર કરતા વધારે ગરીબ પરિવારોને ગરમ ધાબળાનું વિતરણ પણ કરાયું હતું અને લોકોને સાચા માર્ગે ચાલવાનું જણાવાયું હતું. આ સાથે મોટી સંખ્યામાં લોકો અને ભકતો હાજર રહ્યા હતા. (તસવીર : સમીર/જીતેન્દ્ર પટેલ)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર | TATA | ઓથોરાઈઝ્ડ ડીલર | Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦